# -: જાહેર નિવિદા :-

**જીલ્લા અદાલત, દાહોદ, છાપરી ખાતે જીલ્લા અદાલત, કોર્ટ બીલ્ડીંગ તથા તાલુકા કોર્ટો માટે સુવિધા વ્યવસ્થાપનની તેમજ સફાઇ કામ અને સ્વચ્છતા પુરી પાડવા અંગે...**

ન્યાય વિભાગ હસ્તક દાહોદ ખાતે જીલ્લા અદાલત, દાહોદ કોર્ટમાં તથા ફાસ્ટ્ર ટ્રેક કોર્ટ, દાહોદ ના પહેલા માળ તથા દાહોદ જીલ્લાના ઝાલોદ, ફતેપુરા, ગરબાડા, લીમખેડા, દેવગઢ બારીયા, ધાનપુર, સંજેલી તાલુકાની કોર્ટોમાં સુવિધા વ્યવસ્થાપનની તેમજ સફાઇ કામ અને સ્વચ્છતા જાળવણીની કામગીરી જેવી કે ફ્લોરીંગ, ચેમ્બરો, ઓફીસ, તેમજ લોબી અને તમામ દાદર, બાથરુમ, ટોયલેટ માં સફાઇ તેમજ કચરા – પોતા કરવા તેમજ કમ્પાઉન્ડ રોડ સહિત સફાઇ તેમજ પાર્કીગ અને તમામ પેસેજ તથા કોર્ટ બીલ્ડીંગમાં આવેલ તમામ ફર્નિચર વગેરેની સફાઇ તથા કચેરીના રુમોની બારી, બારણા, બારીના કાચ તથા રેકર્ડ ફાઇલની ધુળ વેક્યુમ કલીનરથી સાફ કરવા તેમજ એકઠો કરેલ કચરો તેનું નિયંત્રણ અને કચેરી સુવિધા વ્યવસ્થાપન સેવા પુરી પાડવા માટે અનુભવી અને પ્રતિષ્ઠીત એજન્સીઓ પાસેથી ઠરાવેલ ટેન્ડરો સીલબંધ કવરમાં મંગાવવામાં આવે છે.

પુર્વ લાયકાતનું ફોર્મ તથા કોરા ટેન્ડર ફોર્મ (નોન ટ્રન્સફરેબલ) ચાલુ કામના દિવસોએ **સવારના ૧૧:૦૦ કલાકે થી બપોરના ૨:૦૦ કલાક** વચ્ચે **તા. –૨૧/૦૬/૨૦૨૧** સુધીમાં મુખ્ય જીલ્લા ન્યાયાધીશ, જીલ્લા અદાલત, દાહોદ ની કચેરી ખાતેથી અરજી સાથે **"પ્રિન્સીપાલ ડીસ્ટ્રીક્ટ જજ, જીલ્લા અદાલત, દાહોદ"** ના નામનો રુ. ૧૦૦૦/– (અંકે રુપીયા એક હજાર પુરા) નો ડીમાન્ડ ડ્રાફ્ટ સ્વરુપે (પરત નહી ચુકવવાપાત્ર) અથવા રોકડેથી ટેન્ડર ફી ની ચુકવણી કર્યેથી રુબરુમાં જીલ્લા અદાલત, દાહોદ ની નાઝર શાખા માંથી મેળવી શકાશે.

કોઈ પણ ટેન્ડર કે તમામ ટેન્ડરો કોઈ પણ કારણો દર્શાવ્યા વિના રદ કરવાનો અબાધીત અધિકાર આ કચેરીને રહેશે અને ટેન્ડર ભરનારને આ કચેરીના વખતો વખતના હુકમો બંધનકર્તા રહેશે. ઈચ્છા ધરાવતી એજસીઓ દ્વારા કચેરીની મુલાકાત લઈ સ્થાનિક સ્થળ પરીસ્થિતીની જાણ તથા કામનો પ્રકાર, જરુરીયાત, કચેરીની સ્થિતિ વગેરેની સુમાહીતગાર થઈ શકશે. (પુર્વ લાયકાત ધરાવનાર એજન્સીના જ ટેન્ડર વિચારણામાં લેવામાં આવશે.)

પુર્વ લાયકાત અને ભાવ પત્રકના અલગ ભરેલા ટેન્ડર ફોર્મ ઉપરોક્ત અધિકારીને **તા.૩૦/૦૬/૨૦૨૧** ના રોજ સાંજના **૧૭:૦૦** કલાક સુધીમાં રુબરુ અથવા ટપાલ દ્વારા રજુ કરવાનો રહેશે તથા કવર ઉપર પુર્વ લાયકાત ફોર્મ અને ભાવ પત્રક સરકારશ્રી ના તમામ કરવેરા સહિત ટેન્ડર ફોર્મ માં લખવાનું રહેશે.

રજુ થયેલા ટેન્ડર ફોર્મ તા. **૦૫/૦૭/૨૦૨૧** રોજ સમય 14:00 કલાકે મુખ્ય જીલ્લા ન્યાયાધીશશ્રી, દાહોદની કચેરીમાં ખોલવામાં આવશે.

**નોંધ:–** ઓનલાઇન જાહેરાત જોવા માટે **www.//ecourts.gov.in** પર લોગ ઈન કરો...

તા. ૧૫/૦૬/૨૦૨૧.
સ્થળ:– જીલ્લા અદાલત, છાપરી,
દાહોદ.

DISTRICT COURT
ડીસ્ટ્રીક્ટ કોર્ટ દાહોદ
सत्यमेव जयते
દાહોદ
DAHOD

15/06/2021
(આર. એમ. વોરા)
પ્રિન્સીપાલ ડીસ્ટ્રીક્ટ જજ,
દાહોદ.